Pages 8 કિંમત Rs. 2/- email : gujarati@westerntimes.co.in www.westerntimesnews.in

અમદાવાદથી પ્રસિધ્ધ થતું અંગ્રેજી અને ગુજરાતી દૈનિક

# વેસ્ટર્ન ટાઇમ્સ

સ્થાપક તંત્રી: સ્વ. રામુ પટેલ તંત્રી : નિકુંજ પટેલ WESTERN TIMES (AHMEDABAD) ગુજરાતી ડેઈલી

Postal Reg. No. G-GNR-320
Valid upto 31-12-2026
Posting at RMS Ahmedabad

શનિવાર, તા.૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૫
15/2/2025 * VOL : 39 * N0. 152 સંવત- ૨૦૮૧, મહા વદ-૩

Owned, Printed & Published by Nikunj R. Patel on behalf of Western Times Pub. Pvt. Ltd. Printed at & Published from Western Times Pub. Pvt. Ltd. Survey No. 1315P, Opp. Ramapir Temple, Shilaj, Ahmedabad
Editor : Nikunj R. Patel RNI Regn. No. GUJ/46323/86. Reg. Office : 301, 3rd Floor, Gala Argos, B/h. Hari Krupa Tower, Ellisbridge, Ahmedabad-380 006. (Gujarat) Phone : 079-26402880 Advt. : 079-26402881


આજનો સુવિચાર
નમ્રતા વગરનો માણસ પાણી વગરની નદી જેવો હોય છે

## મોદી-ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે યોજાયેલી મહત્ત્વપૂર્ણ બેઠક

# ભારત અમેરિકા પાસેથી ફાઈટર જેટ એફ-૩૫ ખરીદશે

## ભારત ઓઈલ એન્ડ ગેસ, ડિફેન્સ હાર્ડવેર પ્રોડક્ટ્સની ખરીદી વધારશે


વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકાના પ્રવાસ દરમિયાન મહત્ત્વપૂર્ણ બેઠકો યોજી હતી. પ્રથમ તસવીરમાં એલન મસ્ક સાથે ખુશ-ખુશાલ મુંદ્રામાં મોદી જણાય છે. જ્યારે બીજી તસવીરમાં અમેરિકાનાં રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ મોદી માટે ખુરશી ખસેડી તેમને બેસવા માટે આમંત્રણ આપતાં નજરે પડે છે. જ્યારે ત્રીજી તસવીરમાં વડાપ્રધાન મોદી અને ટ્રમ્પ સંયુક્ત રીતે પત્રકાર પરિષદને સંબોધતા નજરે પડે છે.

**(એજન્સી)વોશિંગ્ટન,** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકાના બે દિવસીય પ્રવાસમાં રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મળી દ્વિપક્ષીય બેઠકો કરી હતી. આ બેઠકો બાદ જાહેરાત કરવામાં આવી કે, ભારત વેપાર ખાધ ઘટાડવા માટે અમેરિકામાંથી એફ-૩૫ લડાકૂ વિમાનો સહિત ઓઈલ એન્ડ ગેસ, ડિફેન્સ હાર્ડવેર પ્રોડક્ટ્સની ખરીદી વધારશે. પરંતુ ટ્રમ્પે સ્પષ્ટતા આપી છે કે, ભારત તેના (અમેરિકા) રેસિપ્રોકલ ટેરિફથી બચી શકશે નહીં.

બંને દિગ્ગજ નેતાઓએ દ્વિપક્ષીય વેપાર સંબંધોને વધુ ગાઢ બનાવવા ચર્ચા કરી હતી. જેમાં ટ્રમ્પે ગેરકાયદે વસતા ભારતીયોને પરત વતન મોકલવા, ૨૬/૧૧ના હુમલાનો ફરાર આરોપી તહવ્વુર રાણાનું પ્રત્યાર્પણ કરવાનું વચન આપ્યું છે.

ટ્રમ્પે અપેક્ષા વ્યક્ત કરી છે કે, ભારત અમેરિકાના માલ-સામાન પર ટેરિફ તર્કસંગત બનાવશે. તેમજ ડિફેન્સની ખરીદીમાં વ્યાપકપણે સહયોગ આપતાં ભારતને સ્ટીલ્થ ફાઈટર જેટ એફ-૩૫ વેચવાની ઈચ્છા પણ વ્યક્ત કરી છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખની

## ટેરિફથી બચવાની ટ્રમ્પની કોઈ ગેરંટી નહીં

રેસિપ્રોકલ ટેરિફ પોલિસીના કારણે ભારત અમેરિકી પ્રોડક્ટ્સ પર ટેરિફ ઘટાડવા વિચારણા કરી શકે છે. પીએમ મોદી સાથેની મુલાકાત પહેલાં જ ડોનાલ્ડ ટ્રમ્પે રેસિપ્રોકલ ટેરિફ લાદવાનો આદેશ આપ્યો હતો. બાદમાં પત્રકારોને જણાવ્યું હતું કે, 'કોઈ ફરક પડતો નથી કે, તે ભારત હોય કે, અન્ય કોઈ દેશ, અમે એટલો જ ટેરિફ લાદીશું જેટલો તેઓ અમારી પાસેથી વસૂલે છે. ભારતથી આયાત થતી ચીજો પર પણ એટલો જ ટેરિફ લાદવામાં આવશે, જેટલો તેઓ અમારી પાસેથી વસૂલે છે.'

વડાપ્રધાન મોદીની અમેરિકા મુલાકાત પહેલાં જ ભારતે અયોગ્ય અને ઊંચા ટેરિફમાં ઘટાડો કરવાની જાહેરાત કરી હતી. ઉલ્લેખનીય છે, ભારત જેટલો પણ સામાન અન્ય દેશો પાસેથી ખરીદે છે, તેના પર ૧૪ ટકા ટેરિફ લાદે છે, જ્યારે ચીન ૬.૫ ટકા અને કેનેડા ૧.૮ ટકા ટેરિફ લગાવે છે. ટ્રમ્પે કહ્યું કે, 'વડાપ્રધાન મોદીએ તાજેતરમાં ભારતના અન્યાયી ટેરિફમાં ઘટાડો કરવાની જાહેરાત કરી છે. ભારત સાથે અમેરિકાની વેપાર ખાધ લગભગ ૧૦૦ અબજ ડોલર છે, વડાપ્રધાન મોદી અને હું સંમત થયા છીએ કે અમે લાંબા સમયથી ચાલતા અસંતુલનને દૂર કરવા માટે સંકલન કરીશું જેને છેલ્લા ચાર વર્ષમાં દૂર કરવાની જરૂર હતી.' અમેરિકા ભારતને તેનું સૌથી ખતરનાક અને નવીનતમ ટેકનોલોજીથી સજ્જ ફાઈટર જેટ એફ-૩૫ આપશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અમેરિકા મુલાકાતથી ભારત માટે એફ-૩૫ ફાઈટર જેટ મેળવવાનો માર્ગ મોકળો થયો છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પોતે કહ્યું છે કે તેમનો દેશ ભારતને એફ-૩૫ ફાઈટર પ્લેન પૂરા પાડશે. ભારત સાથે સંરક્ષણ સહયોગ અંગે ટ્રમ્પે કહ્યું કે ભારતને ટૂંક સમયમાં એફ-૩૫ ફાઈટર જેટ પૂરા પાડવામાં આવશે. અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે પીએમ મોદી સાથે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં આ વાત કહી. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે અમેરિકા ભારત સાથે સંરક્ષણ સહયોગને વધુ વધારશે. સંયુક્ત પત્રકાર પરિષદમાં તેમણે કહ્યું કે આ વર્ષથી અમે ભારતને અનેક અબજ ડોલરના સૈન્ય શસ્ત્ર સરંજામના વેચાણમાં વધારો કરીશું. તેમણે કહ્યું કે લોકહીડ માર્ટિન એફ-૩૫ લાઈટનિંગ પણ ભારતને ઉપલબ્ધ કરાવવામાં આવશે. એફ-૩૫ સ્ટીલ્થ ફાઈટર એ પાંચમી પેઢીનું ફાઈટર જેટ છે. આ મહિનાની શરૂઆતમાં, તેણે બેંગલુરુના યેલહંકા એરફોર્સ સ્ટેશન ખાતે એશિયાના સૌથી મોટા એરોસ્પેસ અને સંરક્ષણ પ્રદર્શન એરો ઈન્ડિયાની ૧૫મી આવૃત્તિમાં ભાગ લીધો હતો.

## શેરબજારમાં મંદીના માહોલથી રોકાણકારોને ભારે નુકસાન

**(એજન્સી)મુંબઈ,** વૈશ્વિક પડકારો વચ્ચે શેરબજાર સળંગ આઠમા દિવસે તૂટ્યા છે. સાર્વત્રિક વેચવાલીના માહોલ વચ્ચે સેન્સેક્સ અને નિફ્ટીમાં મોટાપાયે ઉથલ-પાથલ જોવા મળી હતી. જેમાં સ્મોલકેપ અને મીડકેપ ઈન્ડેક્સ ૩ ટકાથી વધુ તૂટતાં રોકાણકારો રાતા પાણીએ રોયા હતા. સેન્સેક્સમાં આજે ઈન્ટ્રા ડે ૧૦૪૩.૪૨ પોઈન્ટની વોલેટિલિટી બાદ અંતે ૧૯૯.૭૬ પોઈન્ટના ઘટાડે ૭૫૯૩૯.૨૧ પર બંધ રહ્યો હતો. નિફ્ટી ૫૦ પણ ૨૨૮૦૦ની ટેકાની સપાટી તોડી ૨૨૭૭૪.૮૫ના ઈન્ટ્રા ડે લો લેવલે પહોંચ્યો હતો. જે અંતે ૧૦૨.૧૫ પોઈન્ટના કડાકે ૨૨૯૨૯.૨૫ પર બંધ રહ્યો હતો. લાર્જકેપની તુલનાએ સ્મોલકેપ અને મીડકેપ શેરોમાં મોટાપાયે વેચવાલીના પગલે રોકાણકારોએ આજે ૭.૨૬ લાખ કરોડ ગુમાવ્યા હતા. સ્મોલકેપ અને મીડકેપ શેરોમાં મોટા કડાકા સાથે ઈન્ડેક્સ ક્રમશઃ ૧૫૨૨.૪૪ પોઈન્ટ અને ૧૦૫૬.૩૨ પોઈન્ટ તૂટ્યો હતો. પીએસયુ, રિયાલ્ટી અને પાવર શેરોમાં પણ કડડભૂસ થતાં ઈન્ડેક્સ ૨ ટકાથી વધુ તૂટ્યા હતા. શેરબજાર આજે એકંદરે રેડઝોનમાં રહ્યું હતું.

## ટ્રમ્પે પુતિન સાથે વાત કરતાં યુક્રેન નારાજ

**(એજન્સી)ખ્મેલનિસ્કિ,** અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિન સાથે મંત્રણા કરી છે. ત્રણ વર્ષથી ચાલી રહેલા રશિયા-યુક્રેન યુદ્ધનો સુઃખદ અંત લાવવા અને શાંતિ વાટાઘાટો શરૂ કરવા માટે ટ્રમ્પે પુતિન સમક્ષ હાથ લંબાવ્યો છે. ટ્રમ્પની આ પહેલથી રશિયામાં આનંદની લહેર છે, જ્યારે યુક્રેનમાં નારાજગી જોવા મળી છે. યુક્રેનનું માનવું છે કે, પ્રમુખ વોલોડીમીર ઝેલેન્સ્કીને સાથે રાખ્યા વગર થયેલી વાટાઘાટોનો કોઈ અર્થ નથી અને આવી વાટાઘાટો યુક્રેનને બંધનકર્તા નથી. ટ્રમ્પ સરકારે શાંતિ વાર્તા માટે કરેલી આ પહેલના કારણે રશિયા-યુક્રેન યુદ્ધમાં નવો વિવાદ ઉમેરાયો છે. યુક્રેનના નેતાઓએ આ પગલાને અતિશય જોખમી ગણાવ્યું છે. તેઓનું માનવું છે કે, અમેરિકાએ માત્ર એક જ પક્ષકાર રશિયાને મહત્ત્વ આપ્યું છે. યુક્રેન તથા યુરોપિયન દેશોની અવગણના કરવામાં આવી છે. યુક્રેન પર રશિયાએ ફેબ્રુઆરી ૨૦૨૨માં હુમલો શરૂ કર્યો હતો. પડોશી દેશ પર આક્રમણ બદલ પશ્ચિમના દેશોએ રશિયાની આકરી ટીકા કરેલી છે.

## અમેરિકા ગેરકાયદેસર ઇમિગ્રન્ટ્સનો બીજો સમૂહ ભારત મોકલશે

**(એજન્સી)વોશિંગ્ટન,** અમેરિકામાં ગેરકાયદે રહેતા ભારતીયોને દેશનિકાલ કરવામાં આવી રહ્યા છે. જેમાં દેશનિકાલ કરાયેલા આ ભારતીય નાગરિકોને લઈને ફ્લાઈટ ૧૫ ફેબ્રુઆરીના રોજ અમૃતસર પહોંચશે, એમ સૂત્રોએ જણાવ્યું હતું. આ પછી, બીજી ફ્લાઈટ ફરીથી ભારત આવી શકે છે, જેમાં દેશનિકાલ કરાયેલા ભારતીયોનો ત્રીજો જથ્થો મોકલવામાં આવશે. સૂત્રોના જણાવ્યા મુજબ પંજાબ સરકારને આ નિર્ણયની જાણ કરવામાં આવી છે. અમેરિકા ટૂંક સમયમાં ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સનો બીજો સમૂહ ભારત મોકલશે. આ પહેલા ૫ ફેબ્રુઆરીના રોજ, ૧૦૪ દેશનિકાલ કરાયેલા સ્થળાંતરીઓને લઈને એક યુએસ લશ્કરી વિમાન અમૃતસર પહોંચ્યું હતું. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટ હેઠળ આ સૌથી મોટા દેશનિકાલ ઓપરેશનમાંનું એક છે. તે જ સમયે, અમૃતસરમાં વિમાન લેન્ડ કરવાના નિર્ણયથી વિવાદ સર્જાયો છે. પંજાબના નાણામંત્રી હરપાલ ચીમાએ આરોપ લગાવ્યો છે કે ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર જાણી જોઈને પંજાબને નિશાન બનાવી રહી છે.


હવે વધુ પરવડે એવું
અમૂલ તાજા
1 L: ₹54* ₹53*
આ ઑફર સીમિત સમય માટે છે.
*એમઆરપી (બધાં કરવેરા સહિત), ટ્રાન્સપોર્ટેશન અને કૂલિંગ ચાર્જિસ સામેલ છે. શરતો લાગુ. પૂછપરછ/ઉપલબ્ધતા માટે કૃપા કરી સંપર્ક કરોઃ અમદાવાદઃ 079-23969055/56/57.
અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા


## મહાકુંભ અંગે અફવા ફેલાવતા ૫૪ સોશિયલ મીડિયા એકાઉન્ટ વિરુદ્ધ ફરિયાદ

**(એજન્સી)પ્રયાગરાજ,** ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં યોજાઈ રહેલા મહાકુંભમાં માનવમહેરામણ જોવા મળી રહ્યું છે. શ્રદ્ધાળુઓ ૧૪૪ વર્ષે યોજાનારા મહાકુંભમાં અનેરા ઉત્સાહથી ભાગ લઈ રહ્યા છે. જોકે કેટલાક લોકો મહાકુંભને બદનામ કરવાનો પ્રયાસ કરતા રહે છે, જેની સામે ઉત્તર પ્રદેશ પોલીસે મોટી કાર્યવાહી કરી છે. પોલીસે ભ્રામક અને ખોટા વીડિયો પોસ્ટ કરી અફવા ફેલાવનારા ૫૪ સોશિયલ મીડિયા એકાઉન્ટ વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરી છે.

પોલીસ તપાસમાં એવી ચોંકાવનારી વાત સામે આવી છે કે, મહાકુંભને બદનામ કરવા માટે કેટલાક એકાઉન્ટમાંથી એવા વીડિયો પોસ્ટ કરવામાં આવ્યા છે, જેને ભારત સાથે દૂર દૂર સુધી કોઈ લેવાદેવા નથી. થોડા દિવસો પહેલા મહાકુંભમાં એક સ્થળે આગ લાગી હતી, જેના વાયરલ થયેલા વીડિયોની હકીકત પણ સામે આવી છે. પોલીસે મહાકુંભમાં લાગેલી આગના વીડિયોની તપાસ કરતા તે વીડિયો ઈજિપ્તમાં લાગેલી આગના હોવાનું સામે આવ્યું છે. આ મામલે પાંચ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ, એક એક એકાઉન્ટ અને એક યૂટ્યૂબ ચેનલ વિરુદ્ધ કાર્યવાહી કરાઈ છે. એટલું જ નહીં પટણાના વીડિયોને મહાકુંભ દેખાડનારા સાત ફેસબુક અને આઠ એક્સ એકાઉન્ટ વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી છે.

## રશિયાએ યુક્રેનના પરમાણુ પ્લાન્ટ પર ડ્રોન હુમલો કર્યો

**(એજન્સી)રશિયા,** યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કીએ એક મોટો દાવો કરતાં કહ્યું કે રશિયાએ ચેર્નોબિલમાં પરમાણુ રિએક્ટર પર ડ્રોન વડે હુમલો કર્યો છે. આ ડ્રોન પરમાણુ પ્લાન્ટના કવચ પર આવીને પડ્યો હતો. ઝેલેન્સ્કીએ આ ઘટનાને આતંકી હુમલો ગણાવી અને કહ્યું કે આવી રીતે પરમાણુ સ્થળને નિશાન બનાવવા ખતરનાક સાબિત થઈ શકે છે. જોકે રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીએ આ હુમલાની પુષ્ટી કરી હતી. ફાયર સેફ્ટી અધિકારીઓએ આ હુમલા બાદ તાત્કાલિક ધોરણે એક્શન લેતાં આગને કાબૂમાં લીધી હતી. રશિયા સામેના યુદ્ધને કારણે યુક્રેનમાં આવેલા પરમાણુ પ્લાન્ટની સુરક્ષા અંગે ચિંતા વધી ગઈ છે. ઝેલેન્સ્કી પણ કહી ચૂક્યા છે કે ન્યૂક્લિયર પ્લાન્ટની સુરક્ષાના જોખમોને ધ્યાનમાં રાખી બેદરકારી ચલાવી લેવાય તેમ નથી. એટલા માટે સૈન્યને આઈએઈએને હંમેશા હાઈએલર્ટ પણ રહેવું જોઈએ.

## દિલ્હીને આગામી સપ્તાહે નવા મુખ્યમંત્રી મળવાનો આશાવાદ

**નવીદિલ્હી,** દિલ્હીને આગામી સપ્તાહે નવા મુખ્યમંત્રી મળવાનો આશાવાદ છે. વિધાનસભા ચૂંટણીમાં બમ્પર જીત બાદ ભાજપે નવ ધારાસભ્યોની યાદી તૈયાર કરી છે. વડાપ્રધાન મોદીના અમેરિકા પ્રવાસ બાદ મુખ્યમંત્રીના નામ પર અંતિમ મહોર લાગશે. વડાપ્રધાન મોદીની સાથે ગૃહમંત્રી અમિત શાહ, જેપી નડ્ડા અને ભાજપના અન્ય ટોચના નેતાઓની બેઠક યોજાશે. આ બેઠક દરમિયાન દિલ્હીના મુખ્યમંત્રી પદ માટે પસંદગી કરવામાં આવશે. ભાજપે દિલ્હી વિધાનસભામાં ૭૦માંથી ૪૮ બેઠક પર જીત મેળવી છે.


પીચકારી GRIPON
ફેન્સી વેરાઈટીઝ પીચકારી સોની ટેન્ક અને પંપ ફૂગ્ગા તથા હોળીરંગો
કંપની ભાવે હોલસેલમાં
ડીસ્ટ્રીબ્યુટર
વોરા બ્રધર્સ
જુમ્મા મસ્જિદ સામે, ગાંધી રોડ, ફોનઃ- ૦૭૯,૨૫૩૨૧૪૬૧
જૈનવાડીની અંદર, માણેકચોક. ફોનઃ- ૦૭૯, ૨૨૧૧૨૦૨૨

H.K.TRAVELS
New Launched Luxury
ડેઈલી સર્વિસ
અમદાવાદથીપ્રયાગરાજ સવારે ૯:૦૦ વાગે
ઈન્દોર, ભોપાલ, જબલપુર સવારે ૧૦:૦૦ વાગે પહોંચશે
પાર્સલ સર્વિસ ઉપલબ્ધ અરજન્ટ ડીલેવરી
online booking www.hktravel.in
H.O.: શેફાલી શોપીંગ સેન્ટર, પાલડી
ફોન બુકીંગ ઓફીસ 9979881489 9429893289

Rly./Air Packages LTC માન્ય પ્રવાસો Jan. to March
ચંપારણ્ય જ.પુરી-કોલકતા-ગંગાસાગર | નેપાળ પોખરા-બનારસ-અયોધ્યા | કાશ્મીર શ્રીનગર-ગુલમર્ગ-વૈષ્ણોદેવી
કેરાલા મુન્નાર-થેકડી | હિમાચલ મનાલી-સિમલા-ડેલહાઉસી | દ. ભારત રામેશ્વર-ક.કુમારી-તિરૂપતી
By Bus Packages By AC 2x2/Sleeper Coach
સીમલા, મનાલી ડેલહાઉસી 12 Days | કાશ્મીર, શ્રીનગર ગુલમર્ગ, સોનમર્ગ 10 Days | ગોવા, મહાબળેશ્વર લોનાવાલા 08 Days
હોટલમાં સ્પે.રૂમ, ગુજરાતી-પંજાબી જમવા સાથે
જીરાવાલા ટુરીઝમ
હાઈટેક બિલ્ડીંગ, દિવાન બલ્લુભાઈ સ્કૂલની બાજુમાં, મ્યુઝીયમની સામે, પાલડી, અમદાવાદ.
M. 94087 77333, 94267 55909, 99254 54333

લગ્ન ની શોપીંગ તો MAHESHWARI માંથી જ
LIFESTYLE
શેરવાની વર્ક ફક્ત 7,999/- થી શરૂ
ટક્ષીડો શુટ ફક્ત 4,999/- થી શરૂ
કોટી - કૂર્તા સેટ ફક્ત 3,499/- થી શરૂ
3 પેન્ટ + 3 શર્ટ (કાપડ + સિલાઈ સાથે) ફક્ત 5,999/- થી શરૂ
Arvind Raymond
(તમારા બધા જ પ્રસંગ માટે એક જ પેકેજ)
દુલ્હા પેકેજ
(શેરવાની સેટ + ટક્ષીડો શુટ + કોટી-કૂર્તા સેટ)
ફક્ત 10,999/- થી 39,500/- સુધી
PALDI 5, Vardhaman Complex, Opp. Honest, Under Anjali Bridge. 079 - 2660 7614
NARANPURA 2/29, Sundernagar Society, Beside Manish Hall, Nr. Kameshwar Mahadev, +91 9173-0-8282-7
BOPAL 110, Satyamev Elite, Below Vakil Saheb Bridge, Bopal - Ambli T. Junction. +91 8686-8-8282-7

# મ્યુનિ. ભાજપનો સંકલ્પ ખેલે અમદાવાદ- સ્વસ્થ અમદાવાદ

તંત્રી સ્થાનેથી



Editorial....

## પોતાનો જ ઇતિહાસ ભૂંસવા મથતું બાંગ્લાદેશ

બાંગ્લાદેશની હાલત બદથી બદતર થતી જાય છે. અહીં ભીડતંત્ર હાવી થઈ ગયું છે. સતત તોડફોડ થઈ રહી છે. હિંદુઓ પર વીણી વીણીને હુમલા કરાય છે. ગત અઠવાડિયે બંગબંધુ શેખ મુજીબુર્રહમાનનું ઘર હજારોની ભીડે તોડી નાખ્યું, કારણ કે ત્યાં પૂર્વ વડાંપ્રધાન શેખ હસીનાનું વર્ચ્યુઅલ સંબોધન થવાનું હતું. આ બધું ઈતિહાસ મિટાવવાના દાવા સાથે થઈ રહ્યું છે. અરાજકતા હવે એટલી વધી ગઈ છે કે પોલીસ અને ફોજ મળીને પણ સ્થિતિ સંભાળી નથી શકતા. તેનું નુક્સાન બાંગ્લાદેશને ખૂબ થઈ રહ્યું છે. એક સમયે ત્યાંની ફેક્ટરીઓ બાંગ્લાદેશના વિકાસ દરની વાહક હતી, પરંતુ જ્યારથી શેખ હસીનાનો તખ્તાપલટ થયો છે, ત્યારથી ૧૦૦થી પણ વધારે ફેક્ટરીઓ બંધ થઈ ગઈ છે, જેનાથી તેમાં કામ કરનારી લગભગ ૧૦ લાખ છોકરીઓ બેરોજગાર થઈ ગઈ છે. ભૂખ અને બેકારી એટલી વધી ગઈ છે કે માનવ તસ્કરીમાં પણ વધારો થઈ ગયો છે. હાલમાં ઘૂસણખોરીનો ખતરો પણ વધી ગયો છે. સારી વાત છે કે બાંગ્લાદેશ સાથે જોડાયેલી સીમા પર આપણી તૈનાતી ચાકચોબંદ છે. હાલમાં ડ્રગ્સ, પશુઓ, ખાવા-પીવાનો સામાન વગેરેની તસ્કરીના પ્રયાસો પણ ખૂબ થઈ રહ્યા છે.

બાંગ્લાદેશની વચગાળાની કઠપૂતળી સરકાર સંપૂર્ણ નિષ્ફળ દેખાઈ રહી છે, કારણ કે તેમાં મોટાભાગે એવા લોકો છે, જેમને રાજકારણનો કશો અનુભવ નથી. ખુદ મોહંમદ યુનુસ, જે આ સરકારનો વડો છે, તે રાજકારણમાં ડચકાં ખાઈ રહ્યો છે, કારણ કે તેને તરતાં નથી આવડતું. જોકે તેણે ૨૦૦૭માં રાજકારણમાં હાથ અજમાવવાનો પ્રયાસ કર્યો હતો, પણ તેને નિષ્ફળતા મળી હતી. અસલમાં શાંતિનો નોબેલ પુરસ્કાર જીતનાર યુનુસ ભલે એક આંતરરાષ્ટ્રીય વ્યક્તિત્વ કહેવાતો હોય, પરંતુ તે છે અમેરિકાની કઠપૂતળી. આ જ કારણ છે કે આંતરરાષ્ટ્રીય સમુદાય પણ ઢાકાની હાલત પર નજર રાખીને બેઠો છે.

જોકે એક વર્ગ એવું પણ માને છે કે મોહંમદ યુનુસના દિવસો હવે પતી જવાના છે, કારણ કે વ્હાઇટ હાઉસમાં ડોનાલ્ડ ટ્રમ્પનું આગમન થઈ ગયું છે. યુનિસના બિલ ક્લિન્ટન, બરાક ઓબામા જેવા ડેમોક્રેટ રાષ્ટ્રપતિઓ સાથે સારા સંબંધો હતા, પરંતુ રિપબ્લિકન સાથે નહીં. વિકિલીક્સના કેટલાય ખુલાસા તેની સાહેદી આપે છે. એવામાં નવા રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે તેનો સંબંધ કેટલો આગળ વધી શકશે કહેવું મુશ્કેલ છે.

વચગાળાની સરકાર એટલા માટે પણ હાલત નથી સંભાળી શકતી, કારણ કે તે ભાનુમતિના પટારા જેવી છે. અલગ-અલગ ક્ષેત્રોના લોકોને તેમાં ભરી દીધા છે. તેમાં છાત્ર સંગઠનો અને જમાત-એ-ઈસ્લામી જેવા કટ્ટરવાદી પક્ષોનું ખૂબ ચલણ છે. એટલું જ નહીં, હિઝ્બ ઉત-તહરીર, હિફાઝતે ઈસ્લમામ બાંગ્લાદેશ જેવાં કટ્ટરપંથી સંગઠનો પણ તેમાં સામેલ છે. વલી આ સરકારને અત્યાર સુધી બંધારણીય માન્યતા પણ નથી મળી શકી. અવામી લીગથી જમાત અને છાત્ર સંગઠનોની નારાજગી અત્યાર સુધી એટલે બની રહી છે, કારણ કે શેખ હસીના ભારતમાં નિર્વાસિત જીવન જીવી રહ્યાં છે. વડાપ્રધાન પદ પર રહેતાં શેખ હસીનાએ મુક્તિ સંગ્રામ (બાંગ્લાદેશ સ્વાધીનતા આંદોલન)માં જમાતે ઈસ્લામી જેવા પક્ષોની તપાસ કરવાનું એલાન કર્યું હતું અને તેના દોષી નેતાઓને ફાંસી આપી દીધી હતી. જોકે પાકિસ્તાન અને અમેરિકા જેવા દેશ હસીનાને પસંદ નહોતા કરતા, તેથી તેમણે છાત્રોના આંદોલનને હવા આપી, જે સ્વાધીનતા સેનાનીઓને અનામત આપવા વિરુધ્ધ ચાલી રહ્યું હતું.

## મોટા ભાઈએ નાના ભાઈની જાણ બહાર જીઆઈડીસીનો પ્લોટ વેચી નાખ્યો

(એજન્સી) અમદાવાદ,
બોપલમાં રહેતા એસ્ટેટ બ્રોકર અને તેમના મોટા ભાઈએ ૧૯૯૭માં ઓઢવ જીઆઈડીસીમાં આવેલો એક પ્લોટ હરાજીમાં ખરીધો હતો. જેમાં હાઈકોર્ટના હુકમ આધારે પ્લોટ ઉપર સોહમ ઈન્ડસ્ટ્રીજ ઓનર્સ એસોસીએશન બનાવાયું હતું. જેમાં ચેરમેન તરીકે મોટાભાઈ અને સેક્રેટરી તરીકે નાનાભાઈની નિમણુંક કરી હતી. જો કે આ પ્લોટ બ્રોકરની અને નાના ભાઈની જાણ બહાર મોટા ભાઈએ અન્ય વ્યકિતને વેચી દેતા નાના ભાઈએ મોટા ભાઈ સાથે ઓઢવ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોધાવી છે.

ધુમા નજીક આદર્શનગરમાં રહેતા કિશોરભાઈ પોપટભાઈ પડસાળા અને તેમના ભાઈઓ જમીન કે લે વેચ કરે છે. કિશોરભાઈના મોટાભાઈએ અરવીંદભાઈ અને કિશોરભાઈએ ૧૯૯૭માં ચોમીનો પ્લોટ ખરીધો હતો. આ જમીન પર કેટલાક ઝૂપડપટ્ટીવાળાનું દબાણ હતું. આ જમીન રાખ્યા બાદ હાઈકોર્ટના હુકમ આધારે સોહમ ઈન્ડસ્ટ્રીઝ ઓનર્સએસોસીએશનની રચના થઈ હતી. જેમાં ચેરમેન તરીકે અરવીંદભાઈ અને સેક્રેટરી તરીકે કિશોરભાઈ નિમાયા હતા. ઘણા પ્રયત્નો છતાં પ્લોટ પરનું દબાણ હટાવવામાં બંને ભાઈને સફળતા મળી નહોતી. તેથી નાના ભાઈ કિશોર મોટાભાઈ અરવીંદભાઈને કહયું કે આ પ્લોટ દબાણ સાથે એક વ્યકિત ખરીદવા માગે છે. મોટાભાઈએ કહયું કે આ પ્લોટ રૂ.૪ કરોડમાં વેચી દીધો છે. ૨૦૨૪ના એપ્રીલમાં કિશોરભાઈને એસોસીએશનમાંથી હટાવી દીધા હોવાની નોટીસ મળતા તપાસ કરવામાં આવતા મોટા ભાઈએ જે વ્યકિતને જમીન વેચી તેવા કોઈ વ્યકિતની ભાળ મળી નહોતી. આખરે નાના ભાઈએ મોટાભાઈ અરવીંદ સામે ઓઢવ પોલીસમાં ફરીયાદ નોધાવી છે.

## યુવકના શરીરમાં ૫ ફૂટનો સળિયો ઘૂસ્યો, પાંચ કલાકની સર્જરી બાદ બહાર કઢાયો

(એજન્સી) સુરત,
કિરણ હોસ્પિટલમાં ક્રિટિકલ કેસ આવ્યો હતો જે કેસમાં લોખંડનો પાંચેક ફૂટનો સળિયો દર્દીના ગળાના ભાગથી ધૂસીને છાતીના ભાગેથી બહાર નીકળી આવ્યો હતો. જો કે, લોખંડનો સળિયો દર્દીના હૃદય અને શ્વાસનળીની ખૂબ જ નજીક હોવાથી આ સાથે અંદરના મસલ્સ સહિત નાની મોટી નશોને ડેમેજ કર્યું હતું જેથી ડૉક્ટરો તેને સીધો ખેંચી કાઢી શકે તેમ ના હતા. દરમિયાન ડૉક્ટરોએ સ્પેશિયલ ઓપરેશન કરીને સળિયો બહાર કાઢયો હતો. આ જ મામલે કિરણ હોસ્પિટલથી જણાય આવ્યું હતું કે, ઉત્રાણ સ્થિત સિલ્વર પેલેસ પાસે સંગતમ હોમ બની રહ્યું છે. કિરણ હોસ્પિટલના ડૉ.અરવિંદ પટેલ, ડૉ.ધર્મેશ ધાનાણી, ડૉ.નંદકિશોર કપાડિયા, ડૉ.ચિંતન પટેલ, ડૉ.જુગલ પટેલ, ડૉ.ભાવિન લસ્કરી અને એથેસ્થેસિયોલોજિસ્ટ ડૉ.દામિનીએ મળી તાત્કાલિક ઓપરેશન પ્લાન તૈયાર કર્યો હતો.

## સિએટે આણંદમાં સૌથી મોટા સિએટ શોપ સાથે ગુજરાતમાં રિટેઇલ ઉપસ્થિતિનું વિસ્તરણ કર્યું

આણંદ, ભારતના અગ્રણી ટાયર ઉત્પાદક સિએટએ આણંદમાં તેના સૌથી મોટા સિએટ શોપનું ઉદઘાટન કરીને ગુજરાતમાં તેની રિટેઈલ ઉપસ્થિતિને મજબૂત કરી છે. આ અત્યાધુનિક આઉટલેટ ૪,૨૦૦ ચોરસફૂટમાં ફેલાયેલું છે, જે પ્રીમિયમ ટાયર ફિટમેન્ટ અને ઉત્તમ ગ્રાહક અનુભવ પ્રદાન કરવાની સિએટની કટીબદ્ધતા દર્શાવે છે.

આ ઉદઘાટન વિશે પ્રતિક્રિયા આપતાં સિએટના ચીફ માર્કેટિંગ ઓફિસર લક્ષ્મી નારાયણ બી એ કહ્યું હતું કે, "આણંદમાં સિએટ શોપનું ઉદઘાટન ઉચ્ચ-વૃદ્ધિ ધરાવતા બજારોમાં અમારી પ્રીમિયમ રિટેઈલ ઉપસ્થિતિને મજબૂત કરવાના અમારા વ્યૂહાત્મક ફોકસને દર્શાવે છે. સિએટ માટે ગુજરાત મહત્વપૂર્ણ માર્કેટ છે તથા આણંદનો ઓટોમોબાઈલ, શિક્ષણ અને વ્યવસાયિક કેન્દ્ર તરીકે ઉદભવ આ વિસ્તરણ માટે તેને આદર્શ લોકેશન બનાવે છે. આ નવું આઉટલેટ બેસ્ટ-ઈન-ક્લાસ ગ્રાહક અનુભવ ડિલિવર કરવા, અદ્યતન ટાયર સોલ્યુશન્સ ઓફર કરવા તથા નિષ્ણાંત સેવા પ્રદાન કરવા ડિઝાઈન કરાયું છે. ભારત ટાયર્સ સાથેની અમારી ભાગીદારી રાજ્યમાં સિએટની ઉપસ્થિતિ વધારવામાં મદદ મળી છે તથા અમે અમારા ગ્રાહકોને ઉત્કૃષ્ટ ટાયર પ્રોડક્ટ્સ અને સેવાઓ પૂરી પાડવા માટે કટીબદ્ધ છીએ."

ગુજરાતમાં વર્ષ ૨૦૨૫માં સિએટની આ સાતમી શોપ છે. આ પહેલાં અમદાવાદ અને રાજકોટમાં બહુવિધ સ્ટોરના પ્રારંભ સાથે રાજ્યમાં સિએટ શોપની કુલ સંખ્યા આશરે ૪૫ થઈ છે. આણંદના પ્રાઈમ ઓટોમોબાઈલ માર્કેટ અને અગ્રણી ઓઈએમ શોરૂમનની નજીક વ્યૂહાત્મકરીતે સ્થિત આ નવો સ્ટોર આ વિકસતા શહેરી અને બિઝનેસ હબમાં ગ્રાહકોની ઉભરતી મોબિલિટીની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે સજ્જ છે.

(પ્રતિનિધિ) અમદાવાદ,
અમદાવા મ્યુનિ. કમિશનર દ્વારા નાણાંકિય વર્ષ ૨૦૨૫-૨૬ માટે રજુ કરવામાં આવેલ રૂા.૧૪૦૦૧ કરોડના ડ્રાફટ બજેટમાં ભાજપના સત્તાધીશોએ રૂા.૧૫૦૧ કરોડનો વધારો કરી રૂા.૧૫૫૦૨ કરોડનું બજેટ સ્ટેન્ડિંગ કમિટીમાં મંજુર કર્યું છે. આ બજેટમાં ઓલિમ્પિક ૨૦૩૬ને ધ્યાનમાં લઈ ખેલે અમદાવાદ- સ્વચ્થ અમદાવાદ પર ભાર મુકવામાં આવ્યો છે. આ ઉપરાંત એડવાન્સ ટેક્ષ ભરનાર કરદાતાઓ માટે ખાસ વળતર પણ જાહેર કરવામાં આવ્યા છે.

મ્યુનિ. સ્ટેન્ડિંગ કમિટિ ચેરમેન દેવાંગ દાણીએ બજેટની વિગત આપતા જણાવ્યું હતું કે અમદાવાદ શહેર જયારે ઓલિમ્પિકની યજમાની માટે તૈયારી કરી રહયું છે ત્યારે મ્યુનિ. કોર્પોરેશન પણ આમાં ફાળો આપી સહભાગી બનશે. નવા નાણાંકિય વર્ષમાં ખેલ ને મહત્વ આપવામાં આવશે. જે અંતર્ગત સરદાર પટેલ સ્ટેડિયમનું નવીનિકરણ કરવામાં આવશે. આ ઉપરાંત જુદા જુદા ઓવરબ્રીજ નીચે સ્પોર્ટસ એક્ટિવિટી ડેવલોપ કરવામાં આવશે. તેમજ લાલ બહાદુર શાસ્ત્રી સ્ટેડિયમને પણ ડેવલોપ કરવાનું આયોજન કરાયું છે. મ્યુનિ. કોર્પોરેશન દ્વારા એડવાન્સ પ્રોપર્ટી ટેક્ષમાં રિબેટ સ્કીમમાં ખાસ વધારો કરવામાં આવ્યો છે. અત્યાર સુધી એડવાન્સ ટેક્ષ પેટે ૧૦ ટકા રિબેટ આપવામાં આવતી હતી તેના બદલે ૧૨ ટકા આપવામાં આવશે. તેમજ ઓનલાઈન પેમેન્ટ કરનારને વધુ એક ટકો રિબેટ મળશે તથા જે કરદાતાએ સળંગ ત્રણ વર્ષ એડવાન્સ ટેક્ષ ચુકવ્યો હોય તો તેમને વધુ ૨ટકા રિબેટ મળશે. આવા કરદાતાને કુલ ૧૫ ટકા રિબેટ મળશે. રાજય સરકારના સહયોગથી ખારીકટ કેનાલ ડેવલોપમેન્ટનું કામ ચાલી રહયું છે. જેના ફેઝ-૧નું કામ લગભગ ૭૦ ટકા જેટલું પૂર્ણ થઈ ગયું છે. હવે ઘોડાસર, ઈસનપુર, લાંભા, વટવા તથા દાણીલીમડા વોર્ડમાંથી પસાર થતી કેનાલને રૂા.૧૦૦ કરોડના ખર્ચથી ડેવલપ કરવામાં આવશે.

### ટ્રાફિક સર્કલો પર ફ્રી લેફ્ટ ટર્ન ડેવલપ

- જીવરાજચાર્ક ચાર રસ્તા
- માનસી ચાર રસ્તા
- શ્યામલ ચાર રસ્તા
- નારોલ સર્કલ
- સોનીની ચાલ સર્કલ
- નરોડા મુઠીયા સર્કલ
- શાહીબાગથી દધીચી તરફ રોડ
- વાસણા ગામના નાકા વાળા ચાર રસ્તા તથા અન્ય જરૂરિયાત મુજબ

શહેરના જુદા જુદા ગામતળના વિકાસ માટે રૂા.૪૫ કરોડ ફાળવવામાં આવ્યા છે જયારે અમદાવાદ શહેરને નાળા મુકત કરવા માટે રૂા.૨૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. શહેરમાં હયાત પાર્ટી પ્લોટના નવીનિકરણ અને ઓડિટોરિયમ બનાવવા માટે રૂા.૨૫ કરોડની ફાળવણી કરવામાં આવી છે તમામ તળાવના પાણીશુધ્ધી કરણ માટે બાયોરેમેડીઝ ટેકનોલોજીનો ઉપયોગ કરવામં આવશે જેના માટે રૂા.૧૦ કરોડની પ્રાથમિક જોગવાઈ કરવામાં આવી છે. શહેરના હયાત બગીચાના રિનોવેશન તેમજ નવા બનાવવા માટે રૂા.૨૦ કરોડ ખર્ચ કરવામાં આવશે. જયારે પૂર્વ અને પશ્ચિમ વિસ્તારમાં સોલાર પાર્ક બનાવવા માટે રૂા.૨૦ કરોડ ફાળવ્યા છે. શહેરના ગીચ વિસ્તાર જેવા તેમજ અગત્યના રોડ પર ફુટ ઓવરબ્રીજ બનાવવા માટે રૂા.૧૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. આ ફુટબ્રીજ એરપોર્ટ રોડ, વસ્ત્રાપુર તળાવ, પ્રહલાદનગર રોડ, ૧૩૨ ફુટ રીંગરોડ, આશ્રમ રોડ તથા શ્રીજી રોડ પર બનાવવામાં આવશે.

### મ્યુનિ. સ્ટેન્ડિંગ કમિટિએ ડ્રાફટ બજેટમાં રૂા.૧૫૦૧ કરોડના વધારા સાથે રૂા.૧૫૫૦૨ કરોડનું બજેટ મંજુર કર્યું



### હયાત પાર્ટી પ્લોટ -નવીનીકરણ- નવા બનાવવા

- વાસણા વોર્ડમાં ટી.પી. ૯૪ એફ.પી ૫૦/૧માં નવા ઓડીયોરીયમ
- ઈસનપુર વોર્ડમાં સમ્રાટનગર પાસે ઓપન પાર્ટી પ્લોટ
- નારણપુરા વોર્ડમાં ઓપન પાર્ટી પ્લોટ
- રામોલ-હાથીજણ વોર્ડમાં વિનોબાભાવે નગરમાં ઓપન પાર્ટી પ્લોટ
- લાંભા વોર્ડમાં ઓપન પાર્ટી પ્લોટ
- ચાંદલોડીયા વોર્ડમાં ઓપન પાર્ટી પ્લોટ
- સરદારનગરમાં હેમુ કાલાણી હોલને વાતાનુકૂલિત કરી નવીનીકરણ કરવું તથા અન્ય જરૂરિયાત મુજબ

અમદાવાદ શહેરના વિવિધ બગીચાઓમાં રમતગમત અને કસરતના સાધનો મુકવામાં આવશે જેના માટે નવા નાણાંકીય વર્ષમાં રૂા.૫ કરોડનો ખર્ચ કરવામં આવશે. આ ઉપરાંત રાણીપ, ઓઢવ, મકતમપુરા અને બાપુનગર વોર્ડમાં એમ્યુઝમેન્ટ પાર્ક બનાવવામાં આવશે. જયારે ઈસનપુર, લાંભા, નવરંગપુરા, જુના રાણીપ, મણીનગર અને વિરાટનગર વોર્ડમાં લાયબ્રેરી બનાવવા માટે રૂા.૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ગોતા, દાણીલીમડા અને ગોમતીપુર વિસ્તારમાં મહિલાઓ માટે ખાસ જીમનેશિયમ બનાવવામાં આવશે. મ્યુનિ. કોર્પોરેશન દ્વારા વોર્ડ દીઠ વેજિટેબલ માર્કેટ બનાવવામાં આવે છે. હવે પ્રથમ વખત પ્રાયલોટ પ્રોજેક્ટ તરીકે ગ્રાઉન્ડ ફલોરની ઉપર એક માળ બનાવવામાં આવશે જેમાં પાર્કિંગની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. એલ.જી.હોસ્પિટલ અને શારદાબેન હોસ્પિટલમાં પીએમજેવાય સહિત તમામ સરકારી યોજનાના કીઓસક બનાવવામાં આવશે જેમાં યોજનાને લગતી તમામ વિગતોની જાણકારી આપવામાં આવશે. એલ.જી.હોસ્પિટલમાં ડીજીટલ રેકર્ડ એક્ષરે સીસ્ટમ માટે રૂા.૧ કરોડ ફાળવવામાં આવ્યા છે. શહેરના જુદા જુદા વોર્ડમાં હાલ ૧૦ સીએચસી સેન્ટર છે આ તમામ સેન્ટરોને એરકંડીશન કરવામાં આવશે તેમજ તેમાં ગાયનેક વોર્ડ પણ બનાવવામાં આવશે.

મ્યુનિ. કમિશનરે તેમના ડ્રાફટ બજેટમાં રેવન્યુ ખર્ચ પેટે રૂા.૬૨૦૦ની દરખાસ્ત કરી હતી જેમાં સત્તાધારી પાર્ટીએ રૂા.૪૭૩.૯૨ કરોડનો વધારો કરી રૂા.૬૬.૭૩.૯૨ કરોડ રેવન્યુ ખર્ચનો અંદાજ તૈયાર કર્યો છે જયારે વિકાસના કામો માટે કમિશનરે રૂા.૭૮.૦૧ કરોડની દરખાસ્ત કરી હતી જેમાં સત્તાધારી પાર્ટીએ રૂા.૧૦૨૭.૦૮ કરોડનો વધારો કરી નવા નાણાંકીય વર્ષમાં રૂા.૮૮૨૮.૦૮ કરોડ વિકાસના કામ માટે ખર્ચ થશે તેવી જાહેરાત કરી છે.

### નવા બગીચા બનાવવા- રિનોવેશન કરવા

- પ્રહલાદનગર ગાર્ડનનું નવીનીકરણ
- ચાંદલોડીયા વોર્ડમાં ટી.પી. ૩૩માં ગાર્ડન બનાવવો
- બોપલમાં નવો ગાર્ડન બનાવવો
- બાપુનગર વોર્ડમાં મીરર ગાર્ડન બનાવવો
- ચાંદખેડા વોર્ડમાં વિભૂતિ ગાર્ડનનું નવીનીકરણ
- ચાંદખેડા વોર્ડમાં ટી.પી. ૬૯માં ગાર્ડન બનાવવો
- રાણીપ વોર્ડમાં વિભૂતિ ગાર્ડનનું નવીનીકરણ
- ચાંદલોડીયા વોર્ડમાં ટી.પી. ૩૩માં ગાર્ડન બનાવવો
- વસ્ત્રાલ વોર્ડમાં ટી.પી. ૧૨૮ તથા એફ.પી. ૪૭૮માં ગાર્ડન બનાવવો
- નિકોલ વોર્ડમાં ચિત્રકુટ પાર્ક પાસે ટી.પી. ૧૦૩માં નવો બનાવો તથા અન્ય જરૂરિયાત મુજબ

### સ્પોર્ટસ એક્ટિવીટી

- બાપુનગર વોર્ડમાં સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ બનાવવા માટે
- વસ્ત્રાલ વોર્ડમાં ટી.પી. ૧૨૮માં સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ બનાવવા માટે
- એલિસબ્રીજ વિધાનસભામાં અંજલી ચાર રસ્તા ઓવરબ્રીજ નીચે સ્પોર્ટસ એક્ટિવીટી માટે
- બોપલ વકીલ સાહેબ બ્રીજ
- નવરંગપુરા વોર્ડમાં આવેલ ગુજરાત કોલેજની સામે ઓવરબ્રીજની નીચે સ્પોર્ટસ કોમ્પલેક્ષ બનાવવા માટે
- શાહપુર વોર્ડમાં ભવાનસિંહ બાપુ પાર્ટી પ્લોટની જગ્યાએ સ્પોર્ટસ સંકુલ બનાવવું તથા અન્ય જરૂરિયાત મુજબ

### સરદાર પટેલ સ્ટેડિયમનું રિનોવેશન, બોપલમાં બગીચો, શાસ્ત્રી સ્ટેડિયમનું ડેવલપમેન્ટ, પ્રહલાદનગર ગાર્ડનનું નવિનીકરણ થશે : દેવાંગ દાણી

## મિત્રનું મૃત્યુ થયા બાદ તેની પુત્રીની છેડતી કરીને મિત્રએ હદ વટાવી

(એજન્સી) અમદાવાદ,
શહેરના બાપુનગર વિસ્તારમાં રહેતી એક યુવતી સાથે શારીરિક અડપલાં કર્યાની ફરિયાદ દોઢ મહિના બાદ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. પિતાના મૃત્યુ બાદ તેમના મિત્રએ એકલતાનો લાભ લઈ યુવતી સાથે શારીરિક અડપલાં કર્યા હતા. અડપલા કર્યા બાદ હેવાને યુવતીને ધમકી આપી હતી કે જો આ વાત કોઈને કરીશ તો તને જાનથી મારી નાંખીશ. ઈન્સ્ટાગ્રામ આઈડી પર હેવાનની અસલિયત સામે આવતા અંતે તેણે હિંમત કરી પોતાની માતાને હકીકત જણાવી હતી. માતાએ પણ હેવાન વિરૂદ્ધ ફરિયાદ નોંધાવવાની હિંમત આપતાં અંતે યુવતીએ ફરિયાદ કરી છે.

બાપુનગર વિસ્તારમાં રહેતી અને મૂળ ઉત્તરપ્રદેશની મીના (નામ બદલ્યુ છે)એ બાપુનગર પોલીસ સ્ટેશનમાં નાઝીમખાન પઠાણ નામના શખ્સ વિરૂદ્ધ છેડતી તેમજ ધમકીની ફરિયાદ કરી છે. મીના તેના માતા અને ભાઈ સાથે રહે છે. જ્યારે તેના પિતા રમેશભાઈ (નામ બદલ્યુ છે)નું વર્ષ ૨૦૧૯માં મૃત્યુ થયું હતું. રમેશભાઈની રખિયાલ મચ્છી માર્કેટ ખાતે રહેતા નાઝીમખાન પઠાણ સાથે મિત્રતા હતી. નાઝીમખાણ અવારનવાર ઘરે આવતો હોવાથી મીના સહિતના ઘરના સભ્યો તેને ઓળખતા હતા. રમેશભાઈના મૃત્યુ બાદ પણ નાઝીમખાન અવારનવાર ઘરે આવતો હતો. થોડા સમય પહેલાં મીનાને તેની માતા સાથે અગમ્ય કારણોસર બબાલ થઈ હતી.

આ બબાલને લઈ મીના તેની માતા સાથે બોલતી હતી નહીં. મીના ઘરમાં એકલી બેઠી હતી અને તેની માતા ઘર બહાર બેઠી હતી ત્યારે નાઝીમખાન આવી પહોંચ્યો હતો. નાઝીમની નિયત મીના ઉપર ખોરી થઈ હતી અને તેને શારીરિક અડપલાં શરૂ કર્યા હતા.

### બાપુનગરનો બનાવ : યુવતીએ માતાને કહેતા અંતે ફરિયાદ નોંધાઈ

મીનાએ આવું નહીં કરવા માટે જણાવ્યું હતું. ત્યારે નાઝીમખાન ઘરનો દરવાજો બંધ કરવા માટે ગયો હતો. દરવાજો બંધ કરતાની સાથે જ મીનાની માતા ઘરમાં આવી ગઈ હતી. નાઝીમખાને મીનાને ધમકી આપી હતી કે આ બાબતે તું કોઈને જાણ કરીશ તો હું તને જાનથી મારી નાંખીશ હું મીડિયામાં પત્રકાર છું તને બદનામ કરી નાંખીશ.

નાઝીમખાન ઘરેથી જતો રહ્યો હતો અને મીનાએ તે ગભરાઈ જતાં તેની માતાને કોઈ વાત કરીં નહીં. મીનાએ પોતાનું ઈન્સ્ટાગ્રામ આઈડી ખોલ્યું હતું જેમાં નાઝીમખાનની રીલ્સ જોઈ હતી જેમાં તેણે અન્ય યુવતીઓ સાથેની રીલ્સ બનાવી હતી. નાઝીમની ખોરી નિયત સામે આવતા મીનાએ હિંમત કરીને તેની માતાને સમગ્ર હકીકત જણાવી દીધી હતી. માતાએ હિંમત આપતાં અંતે મીનાએ બાપુનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી છે. પોલીસે નાઝીમખાન વિરૂદ્ધ ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

### કાલુપુર સ્ટેશનના રિડેવલપમેન્ટને પગલે નિર્ણય
## 3 માર્ચથી દરભંગા-અમદાવાદ એક્સપ્રેસ વટવા ટર્મીનેટ કરાશે

(એજન્સી) અમદાવાદ,
કાલુપુર રેલવે સ્ટેશનના રીડેવલપમેન્ટને હાથ ધરાયું છે. ફેઝ-૧માં અડધું બિલ્ડીંગ તોડી ત્યાં કામગીરી શરૂ કરવામાં આવે છે. પ્લેટફોર્મ નંબર-૯ ને પણ બંધ કરાયું છે. ટુંકમાં પ્લેટફોર્મ નંબર ૭ અને ૮ પણ બંધ કરાશે. જેથી અહીથી ઉપડતી કેટલીક ટ્રેનોનું સંચાલન મણીનગર અથવા વટવા સ્ટેશનથી શરૂ કરાયું છે. વડોદરા તરફથી આવતી ટ્રેનોને વટવા ખાતે શોર્ટ ટમીનેટ અટકાવી કરાય છે.

અમદાવાદથી ઉપડી દરભંગા જતી ટ્રેન નંબર ૦૯૪૪૬ દરભંગા અમદાવાદ કલોન એકસપ્રેસને પણ ૩ માર્ચથી વટવા ખાતે ટેમ્પરી ધોરણે શોર્ટ ટર્મીનેટ કરવાનો નિર્ણય લેવાયો છે. આ નિર્ણય મુજબ હવે આ ટ્રેન દરભંગાથી ઉપડી બીજા દિવસે સાંજે લગભગ ૪.૨૮ વાગે વટવા ખાતે ટર્મીનેટ કરી દેવામાં આવશે. જયારે હાલમાં અમદાવાદથી ઉપડતી અમદાવાદ-દરભંગા કલોન એકસપ્રેસ રાબેતા મુજબ અમદાવાદ સ્ટેશનથે ચાલુ રહેશે. વધુમાં આગામી દિવસોમાં અમદાવાદની વડોદરા તરફ જતી વધુ કેટલીક ટ્રેનો તબકકાવાર મણીનગર અન વટવા ખાતે તેમજ પાલનપુર તરફ જતી ટ્રેનો સાબરમતી અને અસારવા ખાતે શિફટ કરવામાં આવનાર છે.

## આજથી સીબીએસઈ બોર્ડની પરીક્ષાનો પ્રારંભ : ગેરરીતિ રોકવા નવી સીસીટીવી પોલિસી લાગુ થશે

(એજન્સી) અમદાવાદ,
આવતીકાલ ૧૫ ફેબ્રુઆરીને શનિવારથી અમદાવાદ-ગુજરાત સહિત દેશભરમાં સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજયુકેશન (સીબીએસઈ) બોર્ડ પરીક્ષાનો પ્રારંભ થઈ રહ્યો છે. જેમાં અંદાજે ૪૪ લાખ જેટલા વિદ્યાર્થીઓ અલગ અલગ ૨૦૪ જેટલા વિષયોની પરીક્ષા આપશ. ધો.૧૦ અને ધો.૧૨ની બોર્ડ પરીક્ષા ૧૫ ફેબ્રુઆરીથી અનુક્રમે ૧૮ માર્ચ અને ૪ એપ્રિલ સુધી ચાલશે. પરીક્ષાનો સમય સવારના ૧૦:૩૦થી ૧:૩૦ વાગ્યા સુધીનો રહેશે. આ પરીક્ષા દરમિયાન કોઈ પણ પ્રકારની ગેરરીતિ ન થાય તે માટે સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા નવી સીસીટીવી પોલિસી અમલમાં લાવવામાં આવી છે.

આ વર્ષથી તમામ પરીક્ષા કેન્દ્ર ઉપર સીસીટીવી કેમેરા રાખવા તો ફરજિયાત છે જ પરંતુ પરીક્ષા કેન્દ્રમાં સીસીટીવી મોનિટરિંગ ઓફિસર મૂકવાનો નવો નિયમ પણ બનાવવામાં આવ્યો છે. પરીક્ષા કેન્દ્રમાં ૨૪૦ વિદ્યાર્થીઓ અથવા ૧૦ કલાસરૂમ વચ્ચે એક સીસીટીવી મોનિટરિંગ ઓફિસરને ફરજ સોંપવામાં આવશે. આ ઓફિસર ચાલુ પરીક્ષા દરમિયાન સતત સીસીટીવી કેમેરા ઉપર નજર રાખશે. આ ઉપરાંત તેના પર દિલ્હી ખાતેન કંટ્રોલરૂમની પણ નજર રહેશે. પરીક્ષાનું પરિણામ ન આવે ત્યાં સુધી એટલે કે અંદાજે બે મહિનાથી વધુ સમય સુધી સમગ્ર પરીક્ષાનું સીસીટીવી રેકોર્ડીંગ જે તે પરીક્ષા કેન્દ્રએ ફરજિયાત સાચવીને રાખવું પડશે.

### ૨૪૦ પરીક્ષાર્થીઓ વચ્ચે એક સીસીટીવી મોનિટરિંગ ઓફિસર ફરજિયાત

દિલ્હી ખાતેના કંટ્રોલરૂમથી સીબીએસઈ બોર્ડની પરીક્ષાના સીસીટીવી કેમેરાનું મોનિટરિંગ કરાશે. પરીક્ષા કેન્દ્રમાં જે સીસીટીવીનું રેકોર્ડીંગ કરવામાં આવે છે તે સાચવવાનું હોય છે. બોર્ડ પરીક્ષાનું પરિણામ જાહેર થાય ત્યાં સુધી એટલે કે આગામી બે મહિના સુધી સીસીટીવીનું બેકઅપ સાચવીને રાખવાનો નિયમ છે. જેથી પરિણામ બાદ પણ કોઈ વિદ્યાર્થી કે સ્કૂલની સમસ્યા સર્જાય તો તેનું સીસીટીવી ફૂટેજના ક્લિપિંગની મદદથી નિરાકરણ લાવી શકાશે.

## મણીનગરનો નાથાલાલ ઝગડાબ્રિજ ૧૮મીથી૧૦ દિવસ બંધ રહેશે

(એજન્સી) અમદાવાદ,
બુલેટ ટ્રેનની કામગીરીને પગલે સાબરમતીથી વટવા સુધીની ૧૮ કિલોમીટરના સી-૭ પેકેજમાં પીલરની કામગીરી પુરી થવાના આરે છે. એનએચએસઆરસી એલે પીલર પર વાયડકટ લોન્ચિંગનું કામ શરૂ કર્યું છે. પ્રથમ તબકકામાં મણીનગરા નાથાલાલ ઝગડારેલવે ઓવરબ્રીજ તેમજ વટવા-રોપડા રેલવેઓવરબ્રીજ સેગમેન્ટ લોન્ચીગની કામગીરી શરૂ થવાની હોવાથી આ બ્રીજ ૧૦ દિવસ માટે બંધ રહેશે. નાથાલાલ ઝગડાબ્રિજ પર અને તેની બંને બાજુએ સેગમેન્ટ લોન્ચીગ માટે આ બ્રીજ ૧૮થી૨૮ ફેબ્રુઆરી સુધી લોકોની સુરક્ષાને ધ્યાને રાખી વાહન વ્યવહાર માટે બંધ રખાશે. આ સમય દરમ્યાન વાહનચાલકો મણીનગર ઈસ્ટ રોડથી વલ્લભાચાર્ય ચોક થઈ બીઆરટીએસ થઈ મણીનગર ક્રોસીગ તરફ, ગાયત્રી ડેરી અનુપમ બ્રિજ કાંકરીયા રોડ થઈ પુનીત મહારાજ રોડ સર્વીસ રોડ નાથાલાલ ઝઘડા બ્રીજથી મણીનગર ક્રોસીગ રોડનો ઉપયોગ કરી શકશે. વટવા-રોપડા રેલવે ઓવરબ્રીજ ૨૧ ફેબ્રુઆરીથી ૨૩ માર્ચ સુધી સેગમેન્ટ લોનચીગ માટે બંધ રખાશે. આ અમદાવાદ દરમ્યાન વાહનચાલકો ન્યુ વટવાથી વટવા તળાવ, બચુભાઈ ચોકડી, વીંઝોલ રેલવે ક્રોસીગ વિનોબાભાવેનગર થઈ એસપી રીગ રોડ તરફ તેમજ અસલાલી સર્કલથી નારોલ ગામ રોડનો ઉપયોગ કરી શકશે.


# LIPPI SYSTEMS LTD.

**Reg.Off:** 601 & 602 Shaligram Corporates, B/h. Dishman House,
Opp. Sankalp Grace-2, Bopal Ambli Raod, Ahmedabad-380058,
Email Id:-cs@lippisystems.com, officelippi@gmail.com, website :-www.lippisystems.com
CIN :- L22100GJ1993PLC020382

**Un audited Standalone Financial Results for the Quarter ended December 31,2024**

(Amount in Lacs)

| Sr. No. | Particulars | Standalone – Quarter ended (Unaudited) 31st December, 2024 | 30th September, 2024 | 31st December 2023 | Nine Month Ended (Unaudited) 31st December, 2024 | 31st December, 2023 | Year Ended March 31, 2024 |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Total Income From Operations | 11.26 | 12.36 | 15.09 | 36.37 | 57.02 | 79.42 |
| 2 | Profit /(loss) before exceptional items and tax | (30.38) | (27.91) | (34.20) | (86.57) | (88.15) | (115.98) |
| 3 | Profit / (loss) before tax (after Execption and/or Extraordinary items) | (30.38) | (27.91) | (34.20) | (86.57) | (88.15) | (115.98) |
| 4 | Profit / (loss) for the period after tax (after Execption and/or Extraordinary items) | (15.34) | (25.41) | (27.97) | (58.17) | (60.90) | (85.94) |
| 5 | Other Comprehensive income (OCI) | 0.11 | 0.11 | 0.09 | 0.34 | 0.26 | 0.45 |
| 6 | Total Comprehensive Income for the period | (15.22) | (25.30) | (27.89) | (57.83) | (60.65) | (85.49) |
| 7 | Paid - up equity share capital (face value of share : Rs 10 each) | 700.00 | 700.00 | 700.00 | 700.00 | 700.00 | 700.00 |
| 8 | Earnings per share (EPS) of Rs 10 each ( Not annualized) : | | | | | | |
| | (a) Basic EPS (Rs.) | (0.22) | (0.36) | (0.40) | (0.83) | (0.87) | (1.22) |
| | (b) Diluted EPS (Rs.) | (0.22) | (0.36) | (0.40) | (0.83) | (0.87) | (1.22) |

NOTES:
1) The above is an extract of the detailed format of Quarterly financial results filed with the stock Exchange under regulation 33 of the sebi (LODR) regulations,2015. The full format of the Unaudited financial results for the quarter ended 31st December, 2024 are available on the stock exchange website (www.bseindia.com) and on company's website-www.lippisystems.com
2) Figures of the previous period have been re-grouped /re-arranged wherever necessary.

For, Lippi System Ltd.
**Nandlal J.Agrawal**
*(Managing Director)*
*(DIN :- 00336556 )*

Place : **Ahmedabad**
Date : **14-02-2024**

# SHIVANSH FINSERVE LIMITED

CIN-L65100GJ1984PLC082579
Regd. & Corporate Office:- 22 Frist Floor, Harsidhh Complex, Opp Kalupur Commercial Bank , Income Tax, Ashram Road, Ahmedabad – 380009.
Contact No :- 7927540337 , Email on: - shivanshfinserve@gmail.com, website: - www.shivanshfinserve.com

**ANNEXURE I**

**EXTRACT OF UNAUDITED STANDALONE FINANCIAL RESULTS FOR THE QUARTER AND NINE MONTHS ENDED DECEMBER 31, 2024**

(Rs. in lakhs except EPS)

| | PARTICULARS | Quarter ending (31/12/2024) | Quarter ending (30/09/2024) | Quarter ending (31/12/2023) | Nine months ended Figures (31/12/2024) | Year to date Figures (31/03/2024) |
|---|---|---|---|---|---|---|
| 1 | Income from operations | - | - | - | 10.49 | 46.11 |
| 2 | Net Profit / (Loss) for the period (beforeTax, Exceptional and/or Extraordinary items#) | (8.26) | (2.43) | 2.95 | (15.35) | (9.51) |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinaryitems#) | (8.26) | (2.43) | 2.95 | (15.35) | (9.51) |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items#) | (8.19) | (2.34) | 2.76 | (15.12) | (9.82) |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | (8.19) | (2.34) | 2.76 | (15.12) | (9.82) |
| 6 | Equity Share Capital | 624.00 | 624.00 | 624.00 | 624.00 | 624.00 |
| 7 | Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year | - | - | - | - | 41.72 |
| 8 | Earnings Per Share (of Rs. 10/- each) (for continuing and discontinued operations) - | | | | | |
| | Basic | (0.13) | (0.04) | 0.04 | (0.24) | (0.16) |
| | Diluted | (0.13) | (0.04) | 0.04 | (0.24) | (0.16) |

**Notes:** 1. The above is an extract of the detailed format of Quarterly/Annual Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly/Annual Financial Results are available on the websites of the Bomabay Stock Exchange and the listed entity www.shivanshfinserve.com.
2. The impact on net profit / loss, total comprehensive income or any other relevant financial item(s) due to change(s) in accounting policies shall be disclosed by means of a footnote.
3.# - Exceptional and/or Extraordinary items adjusted in the Statement of Profit and Loss in accordance with Ind-AS Rules / AS Rules, whichever is applicable.

Place : Ahmedabad
Date : 14-02-2025

For and on behalf of Board of Directors
SHIVANSH FINSERVE LIMITED
Sd/-
JIGNESH SUDHIRBHAI SHAH
WHOLETIME DIRECTOR
DIN: 02112343

# કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં અધિકારીઓ માટે જમીન રેકોર્ડ આધુનિકીકરણ પર વર્કશોપ અને તાલીમનું આયોજન કરાયું



**(પ્રતિનિધિ) દમણ,**

દમણ વહીવટીતંત્ર દ્વારા 'લેન્ડ રેકોર્ડ્સ આધુનિકીકરણ' પર એક દિવસીય પીઅર-લર્નિંગ વર્કશોપ અને તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૧૦ વાગ્યાથી કલેક્ટર કચેરીમાં આ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપનો ઉદ્દેશ આધુનિક ટેક્નોલોજી સાથે જમીન વહીવટને સશક્ત કરવાનો અને જમીન રેકોર્ડ ડિજિટાઇઝેશનની પ્રક્રિયાને ઝડપી બનાવવાનો હતો.

વર્કશોપ જમીન સંસાધન વિભાગ, ગ્રામીણ વિકાસ મંત્રાલય અને લાલ બહાદુર શાસ્ત્રી નેશનલ એકેડેમી ઓફ એડમિનિસ્ટ્રેશન, મસૂરી અને બીએન યુગંધર સેન્ટર ફોર રૂરલ સ્ટડીઝ, એલબીએસએનએએના ડો. બાગડી ગૌતમની દેખરેખ હેઠળ હાથ ધરવામાં આવી હતી. આ વર્કશોપ દરમિયાન, કેડસ્ટ્રલ મેપ્સ, સાયબર તહેસીલ ૨.૦/લેન્ડ એડમિનિસ્ટ્રેશન માટે સિંગલ ઓનલાઈન પોર્ટલ, આધુનિક ટેક્નોલોજી, પડકારો અને ઉકેલો દ્વારા સર્વે/રી-સર્વેના જીઓ-રેફરન્સિંગ પર મહત્વપૂર્ણ તકનીકી સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું.આ વર્કશોપમાં દમણ કલેક્ટર, ડેપ્યુટી કલેક્ટર, દમણ અને દાદરા નગર હવેલીના મામલતદાર, મહેસૂલ અધિકારી અને વહીવટી અધિકારીઓ, લેન્ડ રેકર્ડ નિષ્ણાતો અને ટેકનિકલ નિષ્ણાતોએ ભાગ લીધો હતો. નિષ્ણાતોએ આધુનિક ટેક્નોલોજી દ્વારા જમીનના રેકોર્ડને સચોટ અને પારદર્શક બનાવવા પર ભાર મૂક્યો હતો, જેનાથી નાગરિકોને ઝડપી અને અસરકારક સેવાઓ મળી શકે છે.આ વર્કશોપ માનનીય વડાપ્રધાનના ડિજિટલ ઈન્ડિયાને પ્રોત્સાહન આપવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું હતું, જે કેન્દ્રશાસિત પ્રદેશોમાં જમીન વ્યવસ્થાપનને વધુ સુલભ, અસરકારક અને તકનીકી રીતે સશક્ત બનાવશે.આ વર્કશોપમાં બી. એન. શ્રી સર્વે ઓફ ઈન્ડિયાના takumar નીલમસેટ્ટી, શ્રી ઉમાકાંત. બંદગરજીએ ઉપસ્થિત રહીને મહત્વની ભૂમિકા ભજવી હતી.

# ખેડા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સંવેદનશીલ મતદાન મથકો પર વિશેષ બંદોબસ્ત ગોઠવાશે



**(પ્રતિનિધિ) નડિયાદ,**

ખેડા જિલ્લામાં પાંચ નગરપાલિકા અને બે તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી અને અન્ય પેટા ચૂંટણીને લઈ જિલ્લા વહીવટી તંત્ર સદ બન્યું છે આવતીકાલે રવિવારે ચૂંટણી હોય તમામ તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ મતદાન મથકો પર વિશેષ પોલીસ બંદોબસ્ત પણ તેનાદ કરવામાં આવ્યો છે

ખેડા જિલ્લામાં ૫ નગરપાલિકા ખેડા, મહેમદાવાદ, મહુધા, ચકલાસી અને ડાકોર તેમજ કઠલાલ અને કપડવંજ તાલુકા પંચાયતની અને મહેમદાવાદ તાલુકા પંચાયતની બે પેટા ચૂંટણીઓ માટે આગામી ૧૬ ફેબ્રુઆરીના રોજ મતદાન હાથ ધરાશે. જેને લઈને જિલ્લા ચૂંટણી અધિકારીએ તમામ તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે. જિલ્લામાં નગરપાલિકા અને તાલુકા પંચાયત તેમજ પેટા ચૂંટણીમાં મળી કુલ ૫૪૭ મતદાન મથકો પર ૪.૮૫ લાખથી વધુ મતદારો પોતાનો મતાધિકારનો ઉપયોગ કરી ૪૯૦ ઉમેદવારોમાંથી પસંદગી કરશે. ચૂંટણી પ્રચાર ના પડદમો શાંત થઈ જતા હાલમાં ખાટલા પરીષદ, બંધ બારણે બેઠકો યોજી મતદારોને રીઝવવા પ્રયાસ શરૂ થઈ ગયા છે

ખેડા જિલ્લામાં ખેડા, મહેમદાવાદ, મહુધા, ચકલાસી, ડાકોર નગરપાલિકાના કુલ-૩૪ વોર્ડની ૧૩૬ બેઠકોની સામાન્ય ચૂંટણી અને કપડવંજ નગરપાલિકાના કુલ -૨ વોર્ડની ૨ બેઠકોની પેટા ચૂંટણીઓ યોજાનાર છે. આ સાથે કઠલાલ, કપડવંજ તાલુકા પંચાયતની કુલ-૫૦ સીટની સામાન્ય ચૂંટણી તથા મહેમદાવાદ તાલુકા પંચાયતની ૨બેઠકોની પેટા ચૂંટણીઓ આગામી ૧૬ ફેબ્રુઆરીના રોજ યોજાનાર છે. નગરપાલિકાની જો વાત કરીએ તો, કુલ-૩૬ વોર્ડની કુલ- ૧૩૮ બેઠકો માટે કુલ- ૫૦૫ ઉમેદવારી ફોર્મ ભરાયેલા હતા, જેમાંથી ૯૨ ફોર્મ પરત ખેંચવામાં આવેલ હતા. ત્યારબાદ ૩૨ ફોર્મ અમાન્ય ઠરેલ હતા. કુલ-૩૬૮ ઉમેદવારો નગરપાલિકા ચૂંટણીની હરિફાઈમાં રહેલ છે. અને આ ૩૬૮ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ જામશે. આ નગરપાલિકામાં જો બિનહરીફની વાત કરીએ તો, કુલ- ૧૫ બેઠકો બીનહરિફ થયેલ છે. જેમાં મહુધા નગરપાલિકાનો વોર્ડ નં-૧ની તમામ બેઠકોનો સમાવેશ થાય છે.બીજી તરફ તાલુકા પંચાયતની ચૂંટણીનો જો વાત કરીએ તો, કુલ-૫૨ તાલુકા સીટ માટે કુલ-૧૬૪ ઉમેદવારી ફોર્મ ભરાયેલા હતા. જેમાંથી ૫ ફોર્મ પરત ખેંચવામાં આવેલ હતા. ત્યારબાદ ૩૭ ફોર્મ અમાન્ય ઠરેલ હતા. કુલ-૧૨૨ ઉમેદવારો તાલુકા પંચાયતની ચૂંટણીની હરિફાઈમાં રહેલ છે.

**જિલ્લામાં ૧૨૨ અને ૭૬ અતિ સંવેદનશીલ મતદાન મથકો : ૫૪૭ મતદાન મથકો પર ૪.૮૫ લાખથી વધુ મતદારો પોતાનો મતાધિકારનો ઉપયોગ કરશે**

આ ૫ નગરપાલિકાની ચૂંટણી માટે કુલ- ૧૫૧ મતદાનમથકો અને તાલુકા પંચાયતની ચૂંટણી માટે કુલ-૩૯૬ મતદાનમથકો પર ચૂંટણી યોજાનાર છે. જે મતદાનમથકો ખાતે મતદારો માટે જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં નગરપાલિકાની ચૂંટણી માટેના કુલ ૧,૩૪,૦૧૮ અને તાલુકા પંચાયતની ચૂંટણી માટેના કુલ ૩,૫૧,૮૪૫ મતદારો નોંધાયેલા છે તે તમામ મતદાન કરશે. આમ કુલ ૫૪૭ મતદાન મથકો પર ૪.૮૫ લાખથી વધુ મતદારો પોતાનો મતાધિકારનો ઉપયોગ કરશે.

જિલ્લામાં સંવેદનશીલ અને અતિસંવેદનશીલ મતદાનમથકોની વિગતો જોઈએ તો, નગરપાલિકાની ચૂંટણીમાં કુલ- ૪૫ સંવેદનશીલ અને કુલ-૩૫ અતિસંવેદનશીલ મતદાનમથકો છે. જ્યારે તાલુકા પંચાયત ચૂંટણી માટે કુલ-૭૭ સંવેદનશીલ અને કુલ-૪૧ અતિસંવેદનશીલ મતદાનમથકો નકકી થયેલ છે. આવા મતદાનમથકો ખાતે પુરતો પોલીસ બંદોબસ્ત રાખાશે તેમ જિલ્લા ચૂંટણી અધિકારીએ જણાવ્યું છે.

# સુરતમાં જાહેરમાં દેખાડો કરનારા ૨૦ ધનિક વિદ્યાર્થીઓ સામે કાર્યવાહી, લકઝુરિયસ કાર કબજે કરાઈ

**સુરત,**

સુરતના જહાંગીરપુરા-દાંડી રોડની ફાઉન્ટન હેડ સ્કૂલના વિદ્યાર્થીઓએ વૈભવી કાર સાથે રેલી કાઢી હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. ધો.૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ ફેરવેલમાં રોલો પાડવા માટે જાહેર રોડ ઉપર શ્રીમંતાઈનું વરવું પ્રદર્શન કર્યું હતું. વૈભવી કારનો રોડ શો યોજી કાયદાના ધજાગરા ઉડાવ્યા હતા. આ વીડિયો વાયરલ થતાં સુરત પોલીસ અને શિક્ષણ વિભાગ દોડતું થયું હતું. છેલ્લા બે દિવસમાં સુરતના પાલ પોલીસ મથકે વિદ્યાર્થીઓની રેલીમાં લઈ જવાયેલી ૨૦ જેટલી લકઝુરિયસ કાર જપ્ત કરી છે.

આ અંગે શિક્ષણ અધિકારી ભગીરથસિંહ પરમારે પણ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, જહાંગીરપુરા-દાંડી રોડ પર આવેલી ફાઉન્ટન હેડ સ્કૂલના આચાર્ય સાથે અલગ અલગ મુદ્દે પૂછપરછ કરી છે. જો વાલીઓએ સંતાન પાસે લાયસન્સ ન હોવા છતાં કાર આપી હશે તો આરટીઓ અને પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવશે. એટલે વાલી કસૂરવાર ઠરશે તો પોલીસ કે પછી આરટીઓ કાર્યવાહી કરશે અને જો શાળા આ બાબતે કસૂરવાર હશે તો એનઓસી રદ થવા સુધીની કાર્યવાહી કરાશે.

ઉલ્લેખનીય છે કે, સુરત નજીકના દાંડી રોડ ઉપર આવેલી ફાઉન્ટન હેડ સ્કૂલના બોર્ડના વિદ્યાર્થીઓ દ્વારા ફેરવેલ માટે ડી-માર્ટથી છેક સ્કૂલ સુધી હાઈફાઈ કારોના કાફલા સાથે રેલી કાઢીને જે ઉજવણી કરાઈ હતી. આ ઉજવણીના શહેરભરમાં ભારે પડઘા પડયા હતા. સુરત પોલીસના જણાવ્યા પ્રમાણે પાલ પોલીસે અત્યાર સુધીમાં ૨૦ કાર ડિટેઈન કરીને જરૂરી કાર્યવાહી ચાલુ રાખી છે.

# બારડોલી : ૪ વર્ષના બાળકનું કૂતરાના નખ વાગતા ૧૦ દિવસે મોત

બારડોલી, બારડોલીમાં રહેતા અમિતભાઈ વ્યાસનો દિકરો આર્શિલ, દસેક દિવસ પહેલાં સોસાયટીમાં રમી રહ્યો હતો. ત્યારે એક રખડતું કૂતરું અચાનક પાછળથી આવીને હુમલો કરી પાડી નાંખ્યો હતો જેથી પરિવારજનો તાત્કાલિક તેને ખાનગી દવાખાને લઈ ગયા હતા. તબીબે તપાસ કરતા માત્ર નખ વાગ્યા હોવાનું જણાવતા વેક્સિન વગર ઘરે આવ્યા હતા. આઠેક દિવસ બાદ સોમવારથી આર્શિલની તબિયત બગડી હતી. મંગળવારે હડકવાના લક્ષણો દેખાવા લાગ્યા હતા તેના વર્તનમાં બદલાવ જણાતા તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં પછી વધુ સારવાર માટે સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો જ્યાં સારવાર દરમિયાન મોત થયું હતું.


**વેસ્ટર્ન ટાઇમ્સ** ના વાચકો જોગ

**અનોખી યોજના**

શું તમે વેસ્ટર્ન ટાઇમ્સ છ મહિના માટે મેળવવા માગો છો ? તો નીચે લખેલા છેલ્લાં ૬ આંકડાવાળા નંબરવાળી રૂા. ૧૦ કે રૂા. ૨૦ની નોટ રૂબરૂ કાર્યાલયમાં જમા કરાવી તમારું નામ, સરનામું **સરક્યુલેશન વિભાગ**માં લખાવી ૬ મહિના સુધી વેસ્ટર્ન ટાઇમ્સ ઘેર બેઠા ટપાલથી મેળવો.

**આજનો લકી નંબર** **૧૨૦ ૬૯૯**

નોંધઃ આ યોજનામાં છપાયેલ નંબરવાળી નોટનો લાભ ફક્ત ૩ દિવસમાં જ મેળવવો. ત્યારબાદ સંસ્થાની કોઈ જવાબદારી રહેશે નહિં.


# ભરૂચમાં આંતરરાષ્ટ્રીય બુક ગીવીંગ ડે ની ઉજવણી સાથે પુસ્તકો ભેટમાં આપવામાં આવ્યા



(તસ્વીરઃ વિરલ રાણા, ભરૂચ)

**(પ્રતિનિધિ) ભરૂચ,**

ભરૂચની કે જે ચોકસી પબ્લિક લાયબ્રેરીમાં ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૫ દિવસને આંતરરાષ્ટ્રીય બુક ગીવીંગ ડેની ઉજવણી કરવા સાથે પુસ્તકો ભેટમાં આપવામાં આવ્યા હતા.

